# SARDAR PATEL UNIVERSITY
**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'**

Website: www.spuvvn.edu

Fax: (02692) 230309, 226804


## Revised પરિપત્ર

## Extension of Admission for M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID) Programme

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે **M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID)** અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયાની નવી તારીખો નીચે મુજબ રહેશે. અને કાઉન્સેલીંગ **તા. ૩૦/૦૬/૨૦૨૩**ને સવારે ૧૦.૩૦ કલાકે **M.Ed.** માટે અનુસ્નાતક એજ્યુકેશન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અને **B.Ed. Spl. (ID) તથા M.Ed. Spl. (ID)** એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રવેશાર્થીઓએ સ્વખર્ચે રૂબરૂ મુલાકાત માટે અચૂક હાજર રહેવા વિનંતી, અન્યથા આપનો મેરીટ પ્રમાણેનો પ્રવેશ હકક રહેશે નહીં. અલગથી કોઇ પત્રવ્યવહાર કે કોલ લેટર મોકલવામાં આવશે નહીં.

| તારીખ | વિગત |
|---|---|
| ખાસ નોંધ | વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ તથા તમામ અસલ દસ્તાવેજ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ઉપર **Eligibility**ની ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. ચકાસણી બાદ તમામ અસલ દસ્તાવેજ વિદ્યાર્થીએ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટરમાંથી પરત લેવાના રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન કોઇ વિસંગતતા જણાશે તો તેવા વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ કરવામાં આવશે. |
| ૧૬/૦૬/૨૦૨૩<br>૨૧/૦૬/૨૦૨૩<br>૨૩/૦૬/૨૦૨૩ | યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખ : **૧૬/૦૬/૨૦૨૩** બપોરના ૧.૦૦ કલાકથી તારીખઃ **૨૧/૦૬/૨૦૨૩** સુધી વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે ત્યારબાદ યુનિવર્સિટી પોર્ટલ બંધ થઇ જશે. ત્યારબાદ વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે નહીં તથા ભરાયેલ ફોર્મની પ્રિન્ટ તથા તમામ અસલ દસ્તાવેજ ફરજીયાત અનુસ્નાતક એજ્યુકેશન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે **Eligibility**ની ચકાસણી માટે તારીખઃ ૨૩/૦૬/૨૦૨૩, ૫.૦૦ કલાક સુધીમાં રજૂ કરવાના રહેશે. ત્યારબાદ તમામ અસલ દસ્તાવેજ પરત લેવાના રહેશે. (ઓનલાઇન ફોર્મ ભરવાના સમયે વિદ્યાર્થીએ પોતાનો જ મોબાઇલ નંબર તથા ઈમેઇલ આઇ.ડી. આપવું, સાયબર કેફેવાળાનો મોબાઈલ નંબર ઈ-મેઈલ આપવું નહી.) |
| ૨૭/૦૬/૨૦૨૩<br>૨૮/૦૬/૨૦૨૩ | તા. **૨૭/૦૬/૨૦૨૩** બપોરે ૧૨.૦૦ કલાકે પ્રોવિઝનલ મેરીટ યુનિવર્સિટી વેબસાઇટ **www.spuvvn.edu/student_cornaer/admission/** ઉપર મુકવામાં આવશે. જો વિદ્યાર્થીનિ પોતાના મેરીટના Criteriaમાં કોઇપણ વિસંગતતા જણાય તો એપ્લીકેશન નંબર અને તમામ માર્કશીટ સાથે તુરંત યુનિવર્સિટીના એજ્યુકેશન વિભાગ તથા એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે **તા. ૨૮/૦૬/૨૦૨૩ને સાંજે** ૫.૦૦ કલાક પહેલા જાણ કરવાની રહેશે. ત્યારબાદ સુધારા અંગેની કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૦૩/૦૭/૨૦૨૩ | તા. ૦૩/૦૭/૨૦૨૩ બપોરે ૧૨.૦૦ કલાકે ફાઇનલ મેરીટ યુનિવર્સિટી વેબસાઇટ **www.spuvvn.edu/student_cornaer/admission/** ઉપર મુકવામાં આવશે. |
| ૦૫/૦૭/૨૦૨૩ | **તા. ૦૫/૦૭/૨૦૨૩ સવારે ૧૦.૩૦ કલાકે M.Ed.** માટે અનુસ્નાતક એજ્યુકેશન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અને **B.Ed. Spl. (ID) તથા M.Ed. Spl. (ID)** એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાત કાઉન્સેલીંગ યોજાશે. |
| ૦૫/૦૭/૨૦૨૩<br>૦૮/૦૭/૨૦૨૩ | વિદ્યાર્થીને જે કોલેજ/વિભાગમાં પ્રવેશ મળે તે અંગેનો પ્રોવિઝીનલ એડમિશન લેટર મેળવી જે તે કોલેજ/વિભાગ ખાતે તારીખઃ ૦૫/૦૭/૨૦૨૩ બપોરે ૧૨.૦૦ કલાકથી તા. ૦૮/૦૭/૨૦૨૩ સાંજના ૪.૦૦ કલાક સુધીમાં ફી ભરી પોતાનો પ્રવેશ ફરજીયાત કન્ફર્મ કરાવવાનો રહેશે. |
| ૧૦/૦૭/૨૦૨૩ | ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ પર મુકવામાં આવશે. સીટો ખાલી રહે તેવા સંજોગોમાં નીચે મુજબનો ઓપન રાઉન્ડ અમલમાં આવશે. |
| ૧૨/૦૭/૨૦૨૩ | ૧. ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર **તારીખ : ૧૨/૦૭/૨૦૨૩ બપોરે ૧૨.૦૦ કલાકથી** ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.<br>૩. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની ઈન્સ્ટીટ્યુટ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ જે ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે ઈન્સ્ટીટ્યુટ/કોલેજના આચાર્ય પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી હાલની કોલેજનો મેળવેલ પ્રવેશ રદ કરવા અંગેની અરજી એકેડેમિક વિભાગમાં અરજી આપવાની રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય ત્યાં પોતાનું પ્રવેશ ફોર્મ રજુ કરવાનું રહેશે.<br>૪. વિદ્યાર્થીએ ફોર્મની પ્રિન્ટ તથા તમામ દસ્તાવેજો સાથે જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજમાં Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે. કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં કોલેજના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિક્કા કરી, કોલેજ દ્વારા જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવેલ હોય તેનું લીસ્ટ તથા પ્રવેશ ફોર્મ સાથે એકેડેમિક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે. |
| | પ્રવેશ અંગેની અંતિમ તારીખની જાણ તથા જરૂર મુજબ આગળની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવશે. |

ચાલુ...

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઈ ઈન્સ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજો/વિભાગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

## અગત્યની સૂચનાઓ

૧. વિદ્યાર્થીઓએ **M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID)** કાઉન્સેલીંગ માટે પોતાનો મેરીટ નંબર યુનિવર્સિટી વેબસાઈટ www.spuvvn.edu/student_cornaer/admission/M.Ed ઉપર મુકેલ મેરીટ લીસ્ટમાંથી મેળવી લેવાનો રહેશે.

૨. વિદ્યાર્થીએ **M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID)** પ્રવેશ કાઉન્સેલીંગમાં ૧ કલાક પહેલાં હાજર થવાનું રેહેશે.

૩. વિદ્યાર્થીએ **M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID)** પ્રવેશ કાઉન્સેલીંગમાં પોતાના અરજીપત્રકની નકલ સાથે તમામ માર્કશીટો, જાતિનું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર અને જરૂરી તમામ દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલ સાથે હાજર રહેવું.

૪. ગુજરાત સરકારશ્રીના કોવિડ-૧૯ની વખતોવખતની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/ 1712
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ 17-6-23

કુલસચિવ

નકલ રવાના :

૧) વડાશ્રી, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપરોકત તારીખોને ધ્યાનમાં રાખી આગળની કાર્યવાહી સારૂ તથા વિદ્યાર્થીના નિયત તારીખ સુધીમાં આપના વિભાગના મેઈલ પર આવેલા સુધારા અંગેની કાર્યવાહી કરવા સારૂ.

૨) આચાર્યશ્રી, એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપરોકત તારીખોને ધ્યાનમાં રાખી આગળની કાર્યવાહી સારૂ

૩) કા. નિયામિકાશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ આગળની કાર્યવાહી સારૂ.